**ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની હસ્તક "લખપતિ દીદી સશક્તિકરણ યોજના"ના અમલીકરણ માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત રાજ્ય સરકાર

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: . **GLPC/NI/e-file/405/2026/0003/NRLM-MF/Kh-1**

સચિવાલય, ગાંધીનગર

તારીખ (ઈ-સાઈન મુજબ)

**વંચાણે લીધા :-**

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈ.ડી.બી. -૧૦૨૦૧૦/મિશન મંગલમ/ ૪૦૪/ એસ.એફ.એસ./૨૧૯૪/ખ-૧ તા. ૩૧/૩/૨૦૧૦

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈ.ડી.બી.-૧૦૨૦૧૬/મિશન મંગલમ/ ૩૩૦૦૭૩/ ખ-૧ તા. ૨૯/૦૭/૨૦૧૬

(૩) ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. ની સરખા ક્રમાંકની ફાઈલ ક્રમાંક પરની તા. ૨૪/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ દરખાસ્ત

**આમુખ :-**

આ વિભાગના તારીખ ૩૧/૦૩/૨૦૧૦ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી ગ્રામીણ ગરીબ કુટુંબોના સ્વ-સહાય જૂથો રચી, સંગઠિત કરી તેમને સક્ષમ કરવા, કૌશલ્ય વર્ધન તાલીમ પૂરી પાડવા, આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડી આર્થિક પ્રવૃતિ સાથે સાંકળવા મિશન મંગલમ યોજના રાજ્ય સરકારશ્રીએ અમલમાં મુકેલ છે. તેમજ તારીખ ૨૯/૦૭/૨૦૧૬ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી મિશન મંગલમ યોજનાની પ્રવૃતિ સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) યોજના હેઠળ અમલમાં મુકેલ છે.

રાજ્યમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત હાલમાં ૨,૮૨,૦૦૦ જેટલા સ્વસહાય જૂથો બનાવામાં આવેલ છે જ્યારે કે ૬ લાખ જેટલી લખપતિ દીદીઓ પંજીકૃત થયેલ છે .આ લખપતિ દીદીઓ દ્વારા હાલના તબક્કે વિવિધ ક્ષેત્રોએ ઇન્કમ જનરેશન એક્ટિવિટી કરવામાં આવે છે. રાજ્યમાંની લખપતિ દીદીઓ હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ફૂડપ્રોસેસિંગ, એગ્રી પ્રોડક્ટના મૂલ્યવર્ધન,જેવી કે મશરૂમ ફાર્મિંગ, મોરીન્ગા, હળદર, કેળાનું મૂલ્યવર્ધન,ડેરી પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓમાં જોડાયેલી છે. આ અંદાજીત ૬ લાખ લખપતિ દીદીઓ આર્થિક પ્રવૃતિની દ્રષ્ટિએ એક લાખ ન્યુનતમ થી શરુ કરીને અમુક કિસ્સામાં કરોડ રૂપિયા સુધીનું વાર્ષિક આર્થિક

ઉપાર્જન કરે છે. આ ૬ લાખ લખપતિદીદીઓમાં ક્ષમતા રહેલી છે કે તેઓને વ્યવસાયિક કૌશલ્ય વિકાસ કરવામાં આવે, પ્રોડક્ટીવિટી વધારવા માટે ટેક્નીકલ અપગ્રેડેશન કરીને મેકેનાયઝડ પ્રોડક્શન અથવા કેપેસીટી બિલ્ડીંગ કરવામાં આવે તો તેઓ અત્યારના આર્થિક ઉપાર્જનની સાપેક્ષમાં અનેક ઘણી વધારે આર્થિક પ્રવૃત્તિ કરી શકે અને તે રીતે પોતાનો અને પોતાના સાહસ મારફતે ગ્રામ્ય ક્ષેત્રએ વૈકલ્પિક રોજગારી પૂરી પાડવાની તકો ઉપલબ્ધ કરાવી શકે. આ બાબત ધ્યાને લઇ લખપતિદીદીઓને સ્કેલીંગ અપ માટે આર્થિક સહાય આપી ગ્રામ્ય આવીજીકા મિશનને વધુ સુદ્દઢ બનાવવાનો અને આવી લખપતિ દીદીઓને ''Millionaire Didi''માં પરિવર્તિત કરવાની યોજના વિચારાધીન હતી.

ઉક્ત યોજના માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂ.૪૭.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા આ ફાઇલ પરની તારીખ ૨૪/૦૩/૨૦૨૬ની સંદર્ભ (૩) હેઠળની નોંધથી પ્રસ્તુત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા કરવામાં આવેલ દરખાસ્ત વિચારાધીન હતી.

<u>ઠરાવ :-</u>

પુખ્ત વિચારણાને અંતે આમુખમાં દર્શાવેલ હેતુ માટેની લખપતિ દીદીઓને તેમની આર્થિક પ્રવૃત્તિ અંતર્ગત ઓટોમેશન, ઉત્પાદન વધારવા માટે મશીનરી, મૂલ્યવર્ધન માટેની મશીનરી, ઉત્પાદન અને મૂલ્યવર્ધનને લગતા એસેટ અને વર્કિંગ કેપિટલ માટે બેંક લોન ઉપર તેઓના વ્યવસાય વૃદ્ધિ માટે વ્યાજ સહાય અને પ્રોત્સાહન સહાય હેતુસર નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રૂ.૪૭.૨૫ કરોડની લખપતિ દીદી સશક્તિકરણ યોજનાના અમલીકરણ માટેની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ યોજનાના અમલીકરણમાં લખપતિ દીદી દ્વારા જે હયાત આર્થિક પ્રવૃત્તિ કરીને ઓછામાં ઓછુ એક લાખ રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર મેળવતી હોય તેઓએ બેંકેબલ પ્રોજેક્ટ મારફતે બેંક પાસેથી સ્કેલીંગઅપ માટેનું ધિરાણ મેળવવાનું રેહશે અને તે સ્કેલીંગઅપના ધિરાણ ઉપર ચાર વર્ષ સુધી ૧૦૦% વ્યાજની રકમ (કેન્દ્ર કે રાજ્ય સરકાર તરફથી મળવાપાત્ર અન્ય યોજમાં મળવાપાત્ર વ્યાજ સહાય બાદ કરીને બાકી રેહતી રકમ) જી.એલ.પી.સી. દ્વારા બારોબાર બેંકને ચુકવવામાં આવશે અને પ્રથમ બે વર્ષમાં લોનથી લીધેલ મુદ્દલના ૫૦ % ચુકવણું કર્યેથી કુલ લોન રકમ ના ૫% પ્રોત્સાહન સહાય તરીકે અને કુલ ચાર વર્ષમાં ૧૦૦% લોન ચુકવણું કર્યેથી વધારાની મુદ્દલના ૫% રકમ બીજી પ્રોત્સાહન સહાય સ્વરૂપે આપવામાં આવશે. પ્રથમ બે વર્ષમાં લોનનું ૫૦% ચૂકવણું કરવામાં ન આવે પરંતુ પ્રથમ ચાર વર્ષમાં ૧૦૦% ચૂકવણું કરવામાં આવે તો તે કિસ્સામાં ૫% પ્રોત્સાહન સહાય મળવાપાત્ર થશે.

લખપતિ દીદી સશક્તિકરણ યોજનાની જોગવાઈઓ નીચે મુજબ હશે:

૧. આ ઘટક હેઠળ “લખપતિ દીદી” દ્વારા બેંક મારફત લેવામાં આવેલ લોન પર પ્રથમ ચાર વર્ષ સુધીનું

વ્યાજ સરકારશ્રી દ્વારા બરોબર બેંકને ચૂકવવામાં આવશે (કેન્દ્ર કે રાજ્ય સરકાર તરફથી મળવાપાત્ર અન્ય યોજમાં મળવાપાત્ર વ્યાજ સહાય બાદ કરીને બાકી રેહતી રકમ). આથી મહિલાઓને 0% વ્યાજે લોન ઉપલબ્ધ થશે, જેનાથી તેઓ પોતાના સાહસોને મજબૂત બનાવી શકે છે. ચાર વર્ષ બાદ વ્યાજ ચુકવણીની જવાબદારી લખપતિ દીદીની રહેશે.

૨. આ ઘટક અંતર્ગત મળનાર વ્યાજ સહાયની મહત્તમ + પ્રોત્સાહન સહાયની મર્યાદા કુલ ચાર વર્ષના સમયગાળામાં રૂ.૫૦,૦૦,૦૦૦/- (વ્યાજ સહાય રૂ.૪૦.૦૦ લાખ + પ્રોત્સાહન સહાય રૂ.૧૦.૦૦ લાખ) જેટલી રહેશે. આ વ્યવસ્થા મહિલાઓને શરૂઆતના વર્ષોમાં નાણાકીય ભારથી મુક્ત કરે છે, જેથી તેઓ મૂડીગઠન, મશીનરી, ઓટોમેશન, ફાર્મ એસેટ અને અન્ય મૂલ્યવર્ધક પ્રવૃત્તિઓમાં રોકાણ કરી શકે.

3. આ સહાય કેટલીવાર લેવી તેની કોઈ મર્યાદા રાખવામાં આવેલ નથી પરંતુ "લખપતિ દીદી" દ્વારા બીજી વખત જો કોઈ લોન લેવામાં આવેલ હોય તો આ લોન ઉપયોગ કોઈપણ લોનની માંડવાળ માટે કરી શકાશે નહી.

<u>(અ) આ યોજનાનો લાભ લેવા પાત્રતાના ધોરણો:</u>

૧. લખપતિ દીદી તરીકે ઓછામાં ઓછા બે વર્ષથી ડિજિટલ આજીવિકા રજીસ્ટર પોર્ટલ ઉપર રજીસ્ટર હોવી જોઈએ.

૨. લખપતિ દીદી તરીકે હાલમાં ઇન્કમ જનરેટીંગ એક્ટીવીટી કરતી હોવી જોઈએ જેમાંથી તેનું ન્યુનતમ રૂ. ૨,૦૦,૦૦૦/- નું વાર્ષિક ટર્નઓવર છેલ્લા બે વર્ષમાં મેળવેલ હોવું જોઈએ.

<u>(બ) યોજનાના અમલીકરણની કાર્યપદ્ધતિ:</u>

૧. આ યોજનામાં લાભ લેવા માટે લખપતિ દીદીએ બેંકેબલ પ્રોજેક્ટ બનાવીને સીધી બેંક સમક્ષ રજુ કરવાનો રેહશે. બેંક દ્વારા સ્કેલીંગઅપ માટે ધિરાણ મંજુર થયેથી આ યોજના અન્વયે વ્યાજ સબસીડી અને પ્રોત્સાહન સહાયનો લાભ આપવામાં આવશે.

૨. આ યોજનાના લાભ માટે બેંક તરફથી મંજુર કરેલ લોન રકમ પૈકી ફક્ત એ લોન રકમને ધ્યાને લેવામાં આવશે કે જે ઓટોમેશન, મેકેનાઈઝેશન, મૂલ્યવર્ધન, પેકેજીંગ વિગેરે માટે હોય. જમીનની ખરીદી કે શેડ બનાવવા માટે જે રકમ હશે તે ધ્યાને લેવામાં આવશે નહી એટલે કે જમીન ઉપર મકાન કે શેડના બાંધકામની રકમ ઉપર આ યોજના અંતર્ગત વ્યાજ સહાય કે પ્રોત્સાહન સહાય મળવાપાત્ર થશે નહી. કુલ ધિરાણના ૨૦% ની મર્યાદામાં વર્કિંગ કેપિટલનો કોમ્પોનન્ટ રાખી શકાશે. જે આ યોજના હેઠળ સહાયને પાત્ર રહેશે.

૩. બેંક દ્વારા આ યોજના અંતર્ગત લોન સહાયની રકમ મંજુર કર્યેથી લોન ધિરાણ થયેથી રાજ્ય સરકાર દ્વારા ૪ વર્ષ સુધી યોજનાની જોગવાઈ મુજબ અન્ય કેન્દ્ર કે રાજ્ય સરકારની યોજનામાંથી મળતા વ્યાજની રકમ બાદ કરીને બાકીની રકમ બેંકને પુરેપુરી ચુકવવામાં આવશે.

૪. બેંક ને સમયસર વ્યાજનું ચૂકવણું થઇ શકે તે હેતુથી જી.એલ.પી.સી. દ્વારા દરેક રાષ્ટ્રીય અને કોમર્શીયલ બેંકો (Axis, ICICI, HDFC અને Kotak Mahindra Bank)સાથે આ યોજનાના અમલીકરણ માટે MoU કરવામાં

આવશે. MoU કરેલી બેંકો સાથે જી.એલ.પી.સી. Escrow Account નિભાવશે. જેમાં વ્યાજ સહાય અંતર્ગત આપવાની થતી રકમ જી.એલ.પી.સી. દ્વારા જમા કરાવવામાં આવશે.

૫. બેંક દ્વારા કોઈ પણ લખપતિ દીદીની આ યોજના અંતર્ગત સહાય મંજુર કર્યેથી જી.એલ.પી.સી.ને જાણ કરવામાં આવશે. ત્યારબાદ, જી.એલ.પી.સી. દ્વારા આ યોજના અંગેની લખપતિ દીદીની પાત્રતાની ચકાસણી કરી આખરે લખપતિ દીદીને મળવાપાત્ર બનતું હોય તો બેંક મારફતે જાણ થયેથી ૭ દિવસની અંદર બેંકને કન્ફર્મ કરશે. જેના ઉપરથી Escrow Accountમાં Deposit તરીકે રાખેલ રકમમાંથી બેંક દ્વારા માસિક અથવા ત્રિમાસિક જે દરે વ્યાજ લેવાનું થતું હોય તે મુજબ બેંક Escrow Account માંથી વ્યાજની રકમ જમા લઇ શકશે. આ રીતે જે દીવસે બેંક દ્વારા Escrow Account માંથી વ્યાજની રકમ જમા લેવામાં આવે તે દિવસે બેંક દ્વારા જી.એલ.પી.સી.ને જે તે લાભાર્થી તેના જી.એલ.પી.સી.એ આપેલ મંજુરી આદેશ સાથે જાણ કરવાની રહેશે. અને દર માસના અંતે પણ એક સંકલિત પત્રક જી.એલ.પી.સી. કચેરીને આ રીતે વસુલી લીધેલ વ્યાજની રકમ અંગે જાણ કરવાની રહેશે.

૬. બે વર્ષ અને ચાર વર્ષના અંતે લખપતિ દીદી દ્વારા અનુક્રમે ૫૦% અને ૧૦૦% મુદ્દલની ભરપાઈ થઇ છે કે કેમ તે અંગેની જાણ બેંક દ્વારા બારોબાર જી.એલ.પી.સી.ને કરવાની રહેશે. અને આ શરત પરીપૂર્ણ થતી હોય તો જી.એલ.પી.સી. દ્વારા જે તે બેંકની જાણ હેઠળ ૫% અને બીજા ૫% પ્રોત્સાહન રકમની ચુકવણી બારોબાર લખપતિ દીદી ને DBT ના માધ્યમથી (Aadhar based) કરવાની રહેશે.

૭. આ યોજના અન્વયે જી.એલ.પી.સી. દ્વારા પોતાની વેબસાઈટ પર દર મહીને જે લાભાર્થીઓની પાત્રતા માન્ય રાખવામાં આવે છે તેમની યાદી પૂર્ણ નામ, ગામ, તાલુકો, જીલ્લાનું એડ્રેસ, આર્થિક ઉપાર્જન ની પ્રવૃત્તિ, બેંક દ્વારા મંજુર કરેલ લોનની રકમ, તેના ઉપર આ યોજના ના હેતુ માટે મંજુર રાખેલ પાત્રતાની લોનની મંજુર રકમ તે માહિતી પત્રક સ્વરૂપમાં જી.એલ.પી.સી.ની વેબસાઈટ ઉપર મુકવાનું રહેશે. કોઈ પણ SHG કે લખપતિ દીદીના મોબાઈલ નંબર, આધાર નંબર કે ઈ મેઈલ વેબ સાઈટ ઉપર મુકવામાં આવશે નહી.

૮. દર મહીને લખપતિ દીદીઓને વ્યાજ સહાય કે પ્રોત્સાહન સહાયની રકમ જેમ જેમ ચૂકવવામાં આવે તેમ મહિનાનું સંકલિત ચૂકવેલ સહાય અંગેનું પત્રક જેમ લખપતિ દીદીનું નામ, તેઓના ગામ, તાલુકા, જીલ્લાનું નામ, જી.એલ.પી.સી.નો લખપતિ દીદીનો રજીસ્ટ્રેશન નંબર અને સંકલિત ચૂકવેલ સહાયનું પત્રક દર માસે જી.એલ.પી.સી. દ્વારા પોતાની વેબસાઈટ ઉપર મુકવાનું રહેશે.

મુદ્દા નંબર ૭ અને ૮ ની કામગીરી જી.એલ.પી.સી. રાજ્ય કક્ષાએથી પોતાની વેબસાઈટ ઉપર મુકવાનું રહેશે. અને જીલ્લા કક્ષાએથી આ અંગેની વિગતો વેબસાઈટ ઉપર મુકવામાં આવશે નહી.

૯. GLPC દ્વારા હાલમાં રાજ્યમાં લખપતિ દીદીઓ દ્વારા કરી રહેલ આર્થિક પ્રવૃત્તિઓને ધ્યાને લઇ ૧૫૦-૨૦૦ જેટલા પ્રોજેક્ટ પોર્ટફોલિયો બનાવવાના રેહશે જે વિવિધ પ્રકારની આર્થીક પ્રવૃત્તિઓને સાંકળી લેતા હોય અને આ પ્રોજેક્ટમાં પણ લખપતિ દીદીના પ્રવર્તમાન ટર્નઓવર અનુસંધાને ત્રણ વિકલ્પ તૈયાર કરવાના રેહશે જેમાં એક વિકલ્પ બે થી ચાર લાખ સુધીના બેંક ધિરાણનો હોય, બીજો વિકલ્પ દસ થી ૧૫ લાખની રેંજમાં હોય અને ત્રીજો વિકલ્પ પચ્ચીસ લાખથી ઉપરની રકમ માટે હોય. આ પ્રોજેક્ટ પોર્ટફોલિયોની અંદર RBI,MoRD અને

Ajeevika કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર અને રાજરા સરકારની ગાઈડલાઈનથી સુસંગત લખપતિ દીદી માટેની બેંક લોન માટેની લાયકાતોનો પણ ઉલ્લેખ કરવામાં આવશે, જેમાં શૈક્ષણિક,સ્કીલ,જમીન અથવા શેડની ઉપલબ્ધતા, આર્થીક સદ્ધરતા, બેંક પાસેથી લોન લીધેલ રકમમાંથી મેળવેલ અસ્કયામતોના હાયપોથીકેશનને લગતી બાબતો હશે. ઉપર મુજબના પ્રોજેક્ટ પોર્ટફોલિયો ઉપર રાજ્ય કક્ષાની બેંકની કચેરીઓ સાથે MOU મારફતે આ પ્રોજેક્ટ પોર્ટફોલિયોનું પ્રિ-એપ્રુવલ કરાવવાનું રેહ્શેઅને GLPC એ પણ પોતાની website ઉપર મુક્વાના રેહ્શે

૧૦. બેંક સાથેના MOU માં અપેક્ષિત હશે કે રાજ્ય કક્ષા બેંક દ્વારા જે પ્રોજેક્ટ પ્રોપોઝલ તેની કાર્યરીતી સાથે મંજુર કર્યા હોય તેમાં તે બેંકની નીચેની શાખા મેનેજરો દ્વારા લોનની પાત્રતા માટે લખપતિ દીદીની જે લાયકાત રાખી હોય તે સિવાયની વધુ લાયકાત લેવામાં ન આવે અથવા અન્ય કારણોસર અરજી નામંજુર કરવામાં ન આવે. તે અંગે નાં મોનીટરીંગની જવાબદારી GLPCએ રાખવાની રહેશે અને સમયાંતરે બેંક સાથે બેઠક યોજી અને આ પ્રકારના કિસ્સાઓ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. આ યોજના અંતર્ગત રાજય સરકારનો આશય આજીવિકા કાર્યકર્મ અંતર્ગત લખપતિ દીદીઓના સશક્તિકરણ અને સ્કેલીંગ અપ માટે સહાય પૂરી પાડવાનો હોય યોજનાના અમલીકરણમાં પાત્રતા વહેલા તે પહેલા ના ધોરણે અગ્રતા ક્રમ મુજબ કરવાનો રહેશે. બજેટ મર્યાદાથી વધારે જો લખપતિ દીદીઓની અરજીઓ પ્રાપ્ત થાય તેવા સંજોગો માં GLPC દ્વારા અરજીનો ચોક્કસ સમયગાળો નક્કી કરી તે સમયગાળામાં જ અરજીઓ સ્વીકારવાની રહેશે અને બજેટની જોગવાઈને સુસંગત આગામી વર્ષ માટે પ્રતિ લખપતિ દીદી મહત્તમ પાત્રતાના ધોરણોમાં ફેરફાર કરવા અંગેની દરખાસ્ત રજુ કરવાની રહેશે આ યોજના નીચે એક લખપતિ દીદીની સહાય મંજુર કરતા રાજય સરકારની જવાબદારી ચાર વર્ષ માટે બનતી હોય જેથી લખપતિ દીદી દ્વારા આ યોજના પરત્વે મળનાર પ્રતિસાદ ધ્યાને લઇ ઉપલબ્ધ બજેટ મર્યાદામાં અને આગામી વર્ષ માટે લખપતિ દીદી મહત્તમ સહાય અંગે ના ધોરણોમાં જરૂરિયાત જણાય તો ફેરફાર અંગેની દરખાસ્ત GLPC દ્વારા રાજય સરકારને કરવાની રહેશે

૧૨. લખપતિ દીદીઓ ને આજીવિકા કાર્યક્રમ અંતર્ગત સહાય આપવા અંગેની NRLM નીચે કેન્દ્ર સરકારની યોજના રહેલ હોય આ યોજના અંતર્ગત સહાય આપતી વખતે GLPC દ્વારા પ્રયત્ન કરવામાં આવશે કે કેન્દ્ર સરકારની NRLMના વિવિધ ઘટકો અંતર્ગત જે મહત્તમ સહાય મળવા પાત્ર હોય તે સહાયને પણ કન્વેર્ઝેનથી આ યોજનાની અંદર સામેલ કરીને લખપતિ દીદી ને સહાય પૂરી પાડવામાં આવે .

૧૩. દરેક લખપતિ દીદીને મહત્તમ ૫૦ લાખ રૂપિયા સહાયના ધોરણમાં કેન્દ્ર સરકાર દ્વારા NRLM કાર્યક્રમના વિવિધ ઘટકો અંતર્ગત મળતી સહાયને પણ સામેલ કરી લેવાની રહેશે. તે બાદ કાર્ય પછી વધારાની રકમ રાજય સરકારને આ યોજનામાંથી આપવામાં આવશે.

૧૪. જે કેન્દ્ર અથવા રાજય સરકારની યોજનાનું અમલીકરણ GLPC કરે છે તે યોજનામાંથી વ્યાજ અથવા કેપિટલ સબસીડી માટે ભંડોળ મળી શકતું હોય તો તે ભંડોળને આ યોજના હેઠળ રાજય સરકાર દ્વારા ચુકવવા પાત્ર થતી હોઈ તેની અંદર સામેલ કરી લેવાનું રહેશે.

આ યોજના માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં નવી બાબત તરીકે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ બજેટ સદરે કુલ રૂ.

૪૭.૨૫ કરોડની જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

| ક્રમ | માંગણી ક્રમાંક | બજેટ સદર | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૭૧ | મુખ્ય સદર: ૨૫૦૫ –ગ્રામીણ રોજગાર<br>પેટા મુખ્ય સદર: ૬૦-અન્ય કાર્યક્રમ<br>ગૌણ સદર: ૭૦૩ ખાસ રોજગાર કાર્યક્રમ<br>પેટા સદર:૦૨ મિશન મંગલમ | ૩૩.૯૫ |
| ૨ | ૯૫ | મુખ્ય સદર: ૨૫૦૫ – ગ્રામીણ રોજગાર<br>પેટા મુખ્ય સદર: ૬૦-અન્ય કાર્યક્રમ<br>ગૌણ સદર: ૭૦૩ ખાસ રોજગાર કાર્યક્રમ<br>પેટા સદર:૦૨ મિશન મંગલમ | ૩.૦૦ |
| ૩ | ૯૬ | મુખ્ય સદર: ૨૫૦૫ – ગ્રામીણ રોજગાર<br>પેટા મુખ્ય સદર: ૦૧-રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ<br>ગૌણ સદર ૭૯૬ – આદિજાતી જન જાતિ માટે વિશેષ જોગવાઈ<br>પેટા સદર: ૦૩ મિશન મંગલમ | ૧૦.૩૦ |
| કુલ | | | ૪૭.૨૫ |

## ૩. અમલીકરણનાં નિયમો:

(૧) પ્રસ્તુત બાબતે કરવાનો થતો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ અથવા ત્યારબાદ કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.

(૩) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૪) નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે **DBT** પધ્ધતિથી **/DBT Portal / C.M Dash Board** અપનાવવાનું રહેશે.

(૫) **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૬) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારશ્રીના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવ/ પરિપત્ર અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૦) પ્રોજેક્ટના અમલીકરણ પ્રોજેક્ટના કૂલ ખર્ચના ૫ % વહીવટી ખર્ચ, IEC અને મોનિટરિંગ ખર્ચ માટે વાપરી શકાશે.

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્ય સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૪) યોજના હેઠળ કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૪/૨૦૨૬ ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શીતલ પટેલ)
નાયબ સચિવ (ગ્રામ વિકાસ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

_ માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

_ માન. મંત્રીશ્રી, (ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

_ માન. રાજ્ય કક્ષા મંત્રીશ્રી, (ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

_ મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી,બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.

_ અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

_ અગ્રસચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

_ કમિશનર-વ-અગ્રસચિવશ્રી, (ગ્રામ વિકાસ) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

_ મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. બ્લૉક નં.૧૮/૩, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

_ તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (Gujarat livelihood Promotion Company (GLPC Ltd.) મારફત)

_ તમામ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (Gujarat livelihood Promotion Company (GLPC Ltd.) મારફત)

_ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

_ શાખા સિલેક્ટ ફાઇલ/ ના.સે.અ. સિલેક્ટ ફાઇલ

Signature Not Verified

Signed by:Smt S P Patel
Deputy Secretary
Date:2026.04.29
16:43:53 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign